# પ્રાંતિજમાં પાઉભાજીની લારી ચોરાઈ

## ઘર આગળ પાર્ક કરેલ ૯૦,૦૦૦ની કિંમતની પાઉભાજીની લારી કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી ગયા : તસ્કરો હવે લારીઓ પણ ચોરતા થયા

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ગજાનંદ સોસાયટીમાંથી ઘર આગળથી પાર્ક કરેલ હાથલારીની ચોરી થતાં લારી માલિક દ્વારા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવાઈ છે.


મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ સોસાયટીની પાછળ આવેલ ગજાનંદ સોસાયટીમાં રહેતા રાજુભાઈ દાગી પટેલ(મારવાડી) કે જેવો આ સોસાયટીમાં મકાન ભાડે રાખી પોતે સોસાયટીની બહાર સાંજના સમયે પાઉભાજીનો લારી ઉપર ધંધો કરે છે, જ્યારે તેવો રોજીંદા સમયે સાંજે પાઉભાજીના વેચાણ પછી લારી લઈને ઘરે આવી ગયા હતા ને ઘર આગળ પાર્ક કરી હતી પણ જ્યારે વહેલી સવારે જાગીને આગળ પાર્ક કરેલી લારી જોવા ના મળતા આજુબાજુમાં તપાસ કરી હતી પણ કોઈ જગ્યાએ ના દેખાતા રાજુભાઈ દ્વારા આખરે પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ કરી હતી. તેમની રોજીનીજ ચોરી થઈ જતાં હાલતો તેમને બેસી રહેવાનો વારો આવ્યો છે. તાલુકામા અવારનવાર નાની મોટી ચોરીઓ થતી હોવા છતાં આજદિન સુધી કોઈની ચોરાયેલ મત્તા પાછી આવી નથી તો આ ગરીબની લારી પરત નહી મળતે તો તેને ધંધામાં મુશ્કેલીઓ ઉભી થાય તેમ છે. પોલીસતંત્ર દ્વારા ઝડપી પગલાં ભરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવું આજુબાજુના રહેતા લોકો જણાવી રહ્યા છે.



પાલનપુર શહેરમાં ભાજપના સત્તાધીશો દ્વારા રૂ. ૧.૧૮ કરોડથી વધુના વિકાસકામોનું જુદા જુદા વિસ્તારમાં ગજેન્દ્ર સકસેના, હિતેશ ચૌધરી હસમુખ મોદી, અલકા પંચાલ, હસમુખ પઢિયાર વગેરેના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ધોરણ-૧૦ ગણિતના પ્રશ્નપત્રમાં પાર્ટ-એમાં એમસીકયુના જવાબમાં ભુલના કારણે વિદ્યાર્થીઓ મુંઝાયા

## પાર્ટ-બીમાં પણ એ, બી અને સી સેકશનમાં અઘરા દાખલાએ વિદ્યાર્થીઓને રડાવ્યા





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૬

સમગ્ર ગુજરાત રાજયમાં હાલ ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા યોજાઈ રહી છે. જયારે આ પરીક્ષામાં ગુણવત્તા જળવાય તે માટે સરકાર ધ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહયા છે ત્યારે આજે ધો ૧૦માં ગણિત જેવા મહત્ત્વના વિષયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં આજે લેવાયેલ આ ગણિત વિષયના પ્રશ્નમાં પાર્ટ એમાં એમસીકયુમાં ૧૫મા પ્રશ્નનાં ઓબજેકટીવ જવાબ ખોટો હોવાને કારણે વિદ્યાર્થીઓ મુઝાયા હતા.

શિક્ષણ બોર્ડ ધ્વારા આજે લેવાયેલ ધો ૧૦ પરીક્ષામાં ગણિત વિષયનું પેપર ખુબ જ અઘરૂ હોવાનુ વિષય નિષ્ણાત શિક્ષકોએ જણાવ્યુ હતુ. જયારે આ પેપરમાં આજે પાર્ટ એમાં એમસીકયુમાં ૧૫માં પ્રશ્નના એમસીકયુમાં ઓબજેકટીવ જવાબ ખોટા હોવાને લઈને વીદ્યાર્થીઓ મુંઝાયા હતા. જયારે આ એક માર્કસનો પ્રશ્ન સોલ્વ કરવામાં વિદ્યાર્થીઓનો રીતસરનો સમય બગડવાના કારણે બીજા પ્રશ્નો લખવામાં વિદ્યાર્થીઓને ટાઈમ પુરતો મળ્યો ન હતો જેને લને કેટલાય વિદ્યાર્થીઓને આજે ૨૫ થી ૩૦ માર્કસનુ લખવાનુ છુટી ગયુ હતુ જેને લઈને પેપર પુર્ણ થયા પછી વિદ્યાર્થીઓ રીતસરના રડી પડયા હતા.

આ પ્રશ્નપત્રમાં પાર્ટ એમાં અને એમ ચાર વિભાગમાં પ્રશ્નપત્ર નંબરના સેટ નંબર ૧૨ ક્રમાંક ૧૫ નંબરનો સમાંતર શ્રેણીના બધા જ જવાબો ખોટા હતા. જેનો સાચો જવાબ ૦ આવે છે જે વિકલ્પમાં આપેલ નથી તો બોર્ડ ધ્વારા પેપર સેટરોની ભુલના કારણે વિર્ધાર્થીઓને સહન કરવાનો વારો આવ્યો છે.

જયારે પાર્ટ બીમાં પણ વર્ણનાત્મક પ્રશ્નો હોય છે જેમાં સેકશન એ માં બે પ્રશ્નો સેકશન બીમાં એક પ્રશ્ન અને સીમાં એક પ્રશ્ન ખુબ જ અઘરો પુછવામાં આવ્યો હતો.

જયારે સકેશન બીમાં પુછવામાં આવેલ પ્રશ્ન બાળકો અને શિક્ષકોની કસોટી લેવાય તેવો અઘરો પુછવામાં આવ્યો છે. જયારે આ અંગે વાલીઓ રોષેભરાયા હતા. જયારે આ બે કલાકના પેપરને સોલ્વ કરતાં તજજ્ઞ શિક્ષકોને પણ અઢી કલાકથી વધુનો સમય લાગ્યો હતો તો પછી બાળકોનુ કહેવુ જ શુ?

### તમામ વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય આપવામાં આવશે : નાયબ પરીક્ષા સચિવ

ધો-૧૦ના ગણિતના વિષયમાં આજે પાર્ટ એના એમ.સી.કયુ.ના પ્રશ્ન નંબર ૧૫ માં ઓબજેકટીવ પ્રશ્નોના તમામ જવાબ ખોટા હોવાના કરાણે વિદ્યાર્થીઓને અન્યાય થયો હતો. જયારે આ બાબતે નાયબ પરીક્ષા સચિવ પઠાણને પુછતા તેમણે જણાવ્યુ હતુ કે આ આજના આ પેપરમાં ખરેખર ભુલ છે અને આ અંગે બાળકોને યોગ્ય ન્યાય આપવામાં આવશે અને આ અંગેનો નિર્ણય રીવ્યુ કમીટીની બેઠકમાં લેવાશે. જયારે પેપરમાં ભુલ કરનાર પેપર સેટર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

### પેપર સેટરની ભુલના કારણે બાળકોને અન્યાય ન થવો જોઈએ : મનોજભાઈ (શિક્ષક)



ધોરણ-૧૦માં આજે લેવાયેલ ગણિત વિષયના પેપરમાં પાર્ટ એમાં ૧૫માં નંબરના ઓબજેકટીવ પ્રશ્નના તમામ જવાબ ખોટા હોવાને કારણે વિદ્યાર્થીઓને આ પ્રશ્ન સોલ્વ કરવામાં ૨૫ થી ૩૦ મીનીટ જેટલો સમય વેડફાયો હતો જેના કારણે અમુક વિદ્યાર્થીઓને પેપરમાં આજે ૨૫ થી ૩૦ માર્કસ જેટલુ લખાણ લખવાનુ રહી જતા વિદ્યાર્થીઓ રીતસરના રડી પડયા હતા. જયારે સેકશન બી પણ અઘરો પુછાતા વિદ્યાર્થીઓ મુઝાયા હતા તો પરીક્ષા બોર્ડ ધ્વારા આ અંગે બાળકો જોડે અન્યાય ન થાય અને યોગ્ય ન્યાય મળે તેવી માંગણી ઉઠવા પામી છે.

### બોર્ડના છબરડાના કારણે બાળકોનો સમય વેડફાયો : રમેશભાઈ પ્રજાપતિ (વાલી)



આજના ગણિત વિષયના પેપરમાં પેપર સેટરની ભુલના કારણે વિદ્યાર્થીઓને પ્રશ્ન સોલ્વ કરવામાં ૨૫ થી ૩૦ મીનીટ જેટલો સમય વેડફાયો છે. જયારે બી સકેશનમાં પણ અઘરા પ્રશ્નો હોવાના કારણે બાળકોની આખા વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યુ હતુ. જયારે આ પ્રશ્નપત્ર એટલું બધુ અઘરું હતુ કે જો વિષય શિક્ષકને આ પેપર સોલ્વ કરવામાં અઢી કલાક જેટલો સમય લાગતો હોય તો પછી બાળકોનું શું?

# પોળોના ઉત્સવ-૨૦૧૫નું ભવ્ય સમાપન

## પોળો એટલે પર્યાવરણ, પર્યટન અને વિકાસનો ત્રિવેણી : જયંતિ રવિ : રાષ્ટ્રીયકક્ષાના સાયકિલસ્ટો એમટીબી રેસ સ્પર્ધામાં જોડાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા આરંભાયેલ પોળો મહોત્સવ-૨૦૧૫નું ભવ્ય સમાપન પ્રસંગે અનોખી માઉન્ટનીંગ ટ્રેકિંગ વિજયનગરની પોળોને વિશ્વ ફલક પર ઉજાગર કરવા સાબરકાંઠા જિલ્લાએ નવતર પહેલ કરી છે. જેના થકી આ વિસ્તારના પર્યાવરણ, પર્યટન અને વિકાસનો ત્રિવેણી સંગમ સર્જાયો છે. સ્પર્ધામાં ભાગ લેનાર સાયકલિસ્ટોને સાયકલ તથા આરોગ્ય વિષયક સુવિધા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પુરી પાડવામાં આવી હતી. રેસના પ્રસ્થાન સમયે વન વિકાસ નિગમના ચેરમેન



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

બાઈક રેસ સ્પર્ધા યોજાઈ હતી. આ સાયકલ રેસ સ્પર્ધાને જિલ્લા પ્રભારી સચિવ જયંતિ રવિએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સ્પર્ધાના સાયકલિસ્ટોને પ્રોત્સાહન આપતા સચિવે જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લામાં ઐતિહાસિક અને ભવ્ય વારસો આવેલ છે. કુદરતની અમુલ્ય વિરાસત સમા સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની પરેશાનીમાંથી પસાર થઈ રહ્યુંછે ત્યારે મુખ્યમંત્રીએ તેમની દિર્ઘદષ્ટિ અભિગમથી રાજયના પ્રવાસન સ્થળોને ઈકો ટુરીઝમ તરીકે વિકસાવવાનો પ્રયાસ આદર્યો છે.

આ સ્પર્ધામાં ગુજરાત અને રાજ્ય બહારના સાયકલ સવારોએ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર રમીલાબેન બારા, જિલ્લા અગ્રણી પૃથ્વીરાજભાઈ પટેલ, પ્રવાસન નિગમના મેનેજીંગ ડીરેકટર સંજય કૌલ, જિલ્લા કલેકટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસવડા પ્રવિણ માલ, સહિત જિલ્લાના તમામ અધિકારીઓ અને શહેરી-ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા.

# પ્રાંતિજ-તલોદમાં ૭૫ લાખના રસ્તાના કામો મંજૂર : પ્રજામાં ખુશી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના અને પ્રાંતિજ તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓ છેલ્લા ઘણા સમયથી ભંગાર બની ગયા હતા જે અંગે રસ્તાના સમારકામ માટે સ્થાનિક ધારાસભ્યે રાજયકક્ષાએ રજૂઆત કરી હતી. આખરે આ રસ્તાના કામો મંજુર થતા સ્થાનિકોમાં આનંદ છવાયો છે. પ્રાંતિજ-તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ પંચાયત હસ્તકના ગામોના આંતરિક રસ્તાઓ મરામતના અભાવે છેલ્લા ઘણા સમયથી સાવ બિસ્માર બની ગયા હતા. પરિણામે રાહદારીઓ અને વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા હતા. સ્થાનિક રહીશોએ અનેકવાર ધારાસભ્યને લેખિત રજુઆતો કરી હતી. સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ જનતાની રજુઆતોને ધ્યાને લઈ વિધાનસભાની અંદર ધારદાર રજૂઆતો કરી હતી. જે રંગ લાવતા તમામ રસ્તાઓનું મેટલકામ, ડામરકામ, જરૂરી માટીકામ મંજૂર કરી જોબ નંબર ફાળવવામાં આવેલ છે. જેથી સ્થાનિકોમાં ખુશીનો માહોલ દેખાઈ રહ્યો છે. પ્રાંતિજ તાલુકાના ઘડી ગામને પ્રાંન્ત દ્વારા દત્તક લેવામાં આવ્યું છે. એટલે કે ઘડીગામનું પેટા પરૂ જીવણપુર ગામનો રસ્તો સાવ ઢંગઢાળ વગર થઈ જતાં પ્રાંતિજ ઘડી સ્ટેટ હાઈવેથી જીવનપુર ગામ તરફનો રસ્તો લંબાઈ ૧ કિમી અને અંદાજીત ૨૪ લાખ ખર્ચ, કઠવાડા ગંદીયા રસ્તાથી નવા કઠનવાડા તરફનો રસ્તો તા. તલોદ લંબાઈ ૧.૧૦ અંદાજીત ૨૭ લાખ તથા અમરાપુર પુંસરી ગામથી પુંસરી રોડ ગામને જોડતો રસ્તો લંબાઈ ૧ કિ.મી. રૂપિયા ૨૪ લાખ મળીને ત્રણે ગામોને ડામરવાળા પાકાં રસ્તાઓના કુલ ૭૫ લાખના કામો મંજુર કરવામાં આવ્યા હતા. આ વિસ્તારના રહીશો ટુંકને ટુંક જ સમયમાં બિસ્માર રસ્તાઓથી છુટકારો મેળવશે.

### કપડવંજ તાલુકામાં માવઠાથી ખેતીપાકને વ્યાપક નુકશાન

કપડવંજ તાલુકાના આભવેલ-નિરમાલી વિસ્તારમાં તાજેતરમાં આવેલ વાવાઝોડું તથા કમોસમી વરસાદથી ખેડૂતોના ઉભા પાક ઘઉં, જીરૂ, વરીયાળી, તમાકુ અને બટાટાના પાકને વરસાદી કરા પડતા ખૂબજ નુકશાન થયેલ છે. ગ્રીન હાઉસ, નેટ હાઉસ અને પોલી હાઉસને પણ આ વાવોઝોડા તથા કરાના વરસાદથી મોટા પ્રમાણમાં પ્લાસ્ટીક તથા નેટ તુટી જતા વ્યાપક નુકશાન થયેલ છે. વરસાદથી આ વિસ્તારના ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થયેલ છે. ભારે કરાના વરસાદથી ખેતરમાં તૈયાર પાકને નુકસાન થતા ખેડૂતોને પડયા પર પાટુ જેવો ઘાટ થયેલ છે.

### આતો એમ જ ચાલે

# મોડાસા નગરપાલિકાના સત્તાધારી પક્ષના નગર સેવક સત્તા સામે જ વારંવાર બળાપો

(જય અમીન), મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકામાં ભાજપની સત્તા છે. ત્યારે મોડાસા ન. પાલિકાના વોર્ડ નં. ૩ ના ભાજપના જ નગરસેવક મહેશ ઘોડા દ્વારા મોડાસા શહેરમાં લારી-ગલ્લાવાલાના પ્રશ્નો, સફાઈ કામદારોના પ્રશ્નો, ગામમાં પાણી વહેંચણીના પ્રશ્નો, આરોગ્યલક્ષી કે પછી ટ્રાફિકની સમસ્યાને લગતા પ્રશ્નો હોય આ પ્રશ્નોનું નિરાકરણ સત્તાધીશ પક્ષે જ લાવવાનું હોય તે આમ જનતા પણ જાણતી હોય છે. ત્યારે સત્તાધારી પક્ષ પ્રશ્નોનું નિરાકરણ ઝડપથી ન લાવી શકતાં સત્તાધીશ પક્ષ ભાજપના જ નગરસેવક દ્વારા વારંવાર લોકહિતમાં નગરપાલિકામાં ધરણા ધરવામાં આવતાં લોકોમાં સત્તાધારી પક્ષ દ્વારા નગરપાલિકાના વહિવટ અંગે અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. આજે મહેશ ઘોડા દ્વારા ફરીથી આધાર કાર્ડ કાઢવાની કાર્યવાહી શહરૂ ન કરતાં ધરણા પર બેઠા.

મોડાસા નગરપાલિકા દ્વારા જે નગરસેવકોને આધારકાર્ડ મળ્યા નથી તેવા લોકો માટે મોડાસાના ટાઉનહોલમાં આધારકાર્ડ કાઢવાની કામગીરી શરૂ કરવાની વાત થઈ હશે પણ તેનો અમલ સમય મર્યાદામાં ન થતાં આજે ૧૧ વાગે અચાનક ભાજપના કાઉન્સીલર મહેશ ઘોડા આધારકાર્ડથી વંચિત લોકોને લઈને નગરપાલિકા સદનમાં આવ્યા હતા. અને અચાનક જ પ્રમુખની ચેમ્બર આગળ જ ધરણા પર બેસી ગયા હતા અને તાત્કાલિક પ્રમુખને ફોન લગાવી આધાર કાર્ડ કાઢી આપવાની કામગીરી શરૂ કરવા માંગ કરી હતી. ૩૦ મીનીટ સુધી હાઈવોલ્ટેજ ડ્રામા થયા બાદ સ્ટાફની સમજાવટથી મહેશ ઘોડા ઉભા થયા હતા અને પ્રમુખની ચેમ્બરમાં જઈ બેસ્યા હતા. જ્યાં નગરપાલિકાના સક્ષમ સત્તાવાળાઓ સમક્ષ આધારાકાર્ડની કામગીરી શરૂ કરવા માંગ દોહરાવી હતી. ભાજપની જ નગરપાલિકામાં ભાજપના જ કાઉન્સીલરોના કામ ન થતા હોય... કોઈ જ સાંભળતુ ન હોય અને ધરણા પર બેસવું પડતુ હોય તો પછી કોંગ્રેસના કાઉન્સીલરોનું તો શું હાલ થતા હશે? પ્રજાજનોના પ્રશ્નો યોગ્ય સમયે નિરાકરણ કરવામાં નિષ્ફળ રહેશે તો આવનારી નગરપાલિકાની ચૂંટણીઓમાં ગંભીર પરિણામો ભોગવવા પડશે તેવુ લાગી રહ્યું છે.





# ખેડબ્રહ્મામાં મહિલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

વિશ્વ મહિલાદિનની ઉજવણીના ભાગરૂપે મે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનિષ ફેન્સીના સીધા માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્માની સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે તા. ૧૬-૩-૨૦૧૫ના રોજ મહિલાઓ તથા ૦ થી ૨ વર્ષના બાળકો તેમજ કિશોરીઓના આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ખેડબ્રહ્મા તાલુકાની મહિલાઓ-૧૭૭ તથા ૧૦ થી ૧૯ વર્ષની કિશોરીઓ-૧૯ તેમજ ૦ થી ૨ વર્ષના બાળકો-૧૬ જેટલાની તબીબી તપાસ કરી સારવાર આપવામાં આવી. સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખેડબ્રહ્માના અધિક્ષકશ્રી ડૉ. બી.એમ. ઔદિચ્ય તથા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી તથા ડૉ. એચ.એસ. ગઢવી તથા ગાયનેકોલોજીસ્ટ ડૉ. અશ્વિન ગઢવી તથા જનરલ સર્જન ડૉ. રોહીત ચૌહાણ તેમજ પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસરશ્રીઓ દ્વારા આરોગ્ય કેમ્પને સફળ બનાવવામાં આવ્યો. (તસ્વીર : રમેશ વૈષ્ણવ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦